**<u>રેગ્યુલર દિવાની મુકદમા નં. ૨૬/૨૦૧૭.</u>**

**<u>વાદીની આંક. ૫ ની વચગાળાના મનાઈ હુકમની અરજી લગત હુકમ :–</u>**

૧. વાદીએ સદર અરજી દાખલ કરી હાલની અરજી આપી વાદીની સ્વપાર્જિત મિલ્કતનું ઘર મોજે નવા ડીસા શહેરમાં વોર્ડ નં. ૫ માં આકારણી નં. ૨૪૯૯, ૨૩.૨૪ ચો.મીટર (૨૫૦.૦૦ ચો.ફુટ) બાંધકામ વાળું અરજીના પેરા નં. ૨ માં જણાવેલ ચર્તુસીમાં વાળું ગ્રાઉન્ડ ફલોર ઉપર બે રૂમ, રસોડું, ચોક, ઓસરી, જાજરૂ અને ઉપરના માળે બે રૂમ, બાથરૂમ, જાજરૂ આવેલ છે તે બે માળના મકાનનો બથામણીયો કબજો ગેરકાયદેસર રીતે સામાવાળાઓએ સર–સમાન સહિત તેમનો કોઈ હકક, હિત, અધિકાર ન હોવા છતાં કાયદો હાથમાં લઈ કરી લીધેલ હોઈ, બે માળના મકાનનો કબજો અરજદારને મેન્ડેટરી મનાઈ હુકમથી સામાવાળાઓ પાસેથી અપાવવા મેન્ડેટરી હુકમ પ્રતિવાદીઓ વિરૂઘ્ધ દાવાના આખરી નિકાલ સુધી ફરમાવવા તેમજ અરજીની તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવાની દાદ માંગેલ છે.

૨. સદર અરજી દાખલ થતાં પ્રતિવાદી નં. ૧ તેમના વકીલ મારફતે હાજર થઈ આંક. ૨૮ થી જવાબ રજુ રાખેલ છે, તેમજ પ્રતિવાદી નં. ૨,૩ તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ છે પરંતુ જવાબ રજુ રાખેલ ન હોય તેમના જવાબનો હકક તા. ૧/૦૩/૨૦૧૮ ના રોજ બંધ કરવમાં આવેલ છે. સહ પ્રતિવાદી તેમના વકીલ મારફતે હાજર થયેલ છે અને આંક. ૩૧ થી જવાબ રજુ રાખેલ છે.

૩. ત્યાર બાદ વાદીએ આંક. ૩૫ થી રીજોઈન્ડરનું સોગંદનામુ રજુ કરલ છે. સદર દસ્તાવેજ રેકર્ડ ઉપર હોવાથી એકની એક હકીકતની પુનરાવર્તન ના થાય તેથી તેનો અહી ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

૪. વાદીએ તેમની અરજીના સમર્થનમાં આંક. ૪ તથા ૩૯ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ

રજુ રાખેલ છે, તેમજ પ્રતિવાદી નં. ૧ તરફે આંક. ૨૯ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ રાખેલ છે તથા સહ પ્રતિવાદી તરફે આંક. ૩૨ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ રાખેલ છે.

૫. ત્યાર બાદ પક્ષકારોના વકીલશ્રીઓને સાંભળ્યા. વાદીએ આંક. ૫, આંક. ૧ તેમજ આંક. ૩૫ અન્વયે રજુઆત કરેલ છે, વિશેષમાં કોઈ રજુઆત કરેલ નથી. સહ પ્રતિવાદીએ આંક. ૩૧ માં લખ્યા મુજબની રજુઆત કરેલ છે તેમજ પ્રતિવાદીએ આંક. ૨૮ માં લખ્યા મુજબની રજુઆત કરેલ છે, વિશેષમાં કોઈ રજુઆત કરલ નથી.

૬. વાદીની આંક. ૧ ની દાવા અરજી, આંક. ૫ ની મનાઈ અરજી તથા તેની સાથે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટ તથા પ્રતિવાદીઓના જવાબ તથા સમગ્ર દાવાનુ રેકર્ડ ધ્યાને લીધું, તેમજ પક્ષકારોના વકીલશ્રીઓની ઉપરોકત દલીલો ધ્યાને લીધી. સદર વાદી ધ્વારા કરવામાં આવેલ સી.પી.સી. ઓર્ડર–૩૯ રૂલ–૧,૨ તથા કલમ–૧૫૧ વંચાણે લેતાં આંક. ૫ ની કામ ચલાઉ મનાઈ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું વાદી સાબીત કરે છે કે, વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું વાદી સાબીત કરે છે કે સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

૩. શું વાદી સાબીત કરે છે કે જો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થાય તેમ છે ?

૪. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. અંશતઃ હકારમાં,

૨. અંશતઃ હકારમાં,

૩. અંશતઃ હકારમાં,

૪. આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાના નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં. ૧ થી ૩** :–

૮. સદરહું દાવાના પક્ષકારોના પ્લીડીંગ્સ તથા પક્ષકારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં મુદ્દા નં. ૧ થી ૩ ની ચર્ચા એક સાથે કરવામાં આવે તો પુરાવાનુ પુનરાવર્તન અટકાવી શકાય તેમ હોય, મુદ્દા નં. ૧ થી ૩ ની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

૯. સદર દાવાના કામે વાદીએ દલીલ કરી જણાવેલ છે કે, વાદગ્રસ્ત મકાન વાદીની સ્વપાર્જિત મિલ્કતમાંથી ખરીદ કરવામાં આવેલ છે, તેમાં પ્રતિવાદી નં. ૧ નો કોઈ હકક કે અધિકાર નથી. જેના સમર્થનમાં વાદીએ માર્ક ૪/૨ થી વાદગ્રસ્ત મકાનનો રજીસ્ટર દસ્તાવેજ રજુ રાખેલ છે જે વંચાણે લેતાં તેમાં વેચાણ લખી લેનાર તરીકે સંઘવી સ્વાતીબેન પ્રમોદભાઈ એટલે કે હાલના કામના વાદીનુ નામ દર્શાવેલ છે., તેમજ માર્ક ૪/૩ ધ્યાને લેતાં ડીસા નગરપાલિકામાં વેરો ભર્યાની પહોંચ છે તેમાં માલિકના નામમાં સંઘવી સ્વાતીબેન પ્રમોદભાઈ હાલના કામના વાદીનું નામ છે, તેમજ માર્ક ૪/૪ ધ્યાને લેતાં તેમાં નગરપાલીકા આકારણી યાદી સને ૨૦૧૭ તેમાં માલિક તરીકે સંઘવી સ્વાતીબેન પ્રમોદભાઈ નુ નામ દર્શાવેલ છે. આમ એ હકીકત સ્પષ્ટ થાય છે કે વાદગ્રસ્ત મકાન હાલના કામના વાદીનું છે. પરંતુ વાદીએ તેમની દાવા અરજીમાં જણાવ્યા પ્રમાણે સદર વાદગ્રસ્ત મકાન વાદીએ તેમની સ્વપાર્જિત

મિલ્કતમાંથી ખરીદેલ છે તે અંગે પ્રથમદર્શનીય કોઈ પુરાવો રજુ રાખેલ નથી. કારણ કે પ્રતિવાદી નં. ૧ નાઓના જણાવ્યા પ્રમાણે વાદગ્રસ્ત મકાન વાદીના પિતા ગુજરી જતાં સહીયારી મિલ્કત તરીકે ખરીદવામાં આવેલ હતી. હાલના કામે વાદગ્રસ્ત મકાનનું કોર્ટ કમીશ્નર ધ્વારા પંચનામું કરવામાં આવેલ, જે માર્ક ૧૪/૧ થી પંચનામું અને માર્ક ૧૪/૨ થી નકશો રજુ કરવામાં આવેલ છે. માર્ક ૧૪/૧ પંચનામું ધ્યાને લેતાં પાના નં. ૨ ઉપર જણાવેલ છે કે, **" દક્ષિણ બાજુએ રસોડું આવેલું છે, સદર મકાનની ઓસરીનો દરવાજો બે બારણા વાળો છે, જેના ઉપર સફેદ કલરથી સુનિતાબેન મંગારામ ગ્વાલાણી લખેલ છે."** એટલે કે હાલના કામના પ્રતિવાદી નં. ૧ વાદગ્રસ્ત મકાનનો કબજો ભોગવટો ધરાવી રહયા છે તે હકીકત સ્પષ્ટ થાય છે.

૧૦. વધુમાં પ્રતિવાદી તરફે માર્ક ૨૯/૧ થી પ્રતિવાદી નં. ૧ સુનીતાબેન મંગારામ ગ્વાલાણી તથા સહ પ્રતિવાદી સંજયકુમાર પ્રમોદભાઈ સંઘવી (જૈન) લગ્ન ગ્રંથીથી જોડાયાનો કરાર લેખ રજુ કરવામાં આવેલ છે. સદર કરાર લેખ તા. ૭/૦૯/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ છે તેમજ માર્ક ૨૯/૨ થી પ્રતિવાદી નં. ૧ નાએ અત્રેની અદાલતમાં ઘરેલુ હિંસાથી સ્ત્રીઓના રક્ષણના કાયદાની કમલ–૧૨ મુજબ અરજી દાખલ કરેલ જે રજુ રાખવામાં આવેલ છે. આમ ડી.વી. એકટ મુજબની અરજી અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ ત્યાર બાદ વાદી ધ્વારા સદર દાવો ડી.વી. એકટની અરજી નોલીફાઈડ (બીન અસરકારક) થઈ જાય તેવા હેતુથી દાખલ કરવામાં આવેલ છે તેમ પ્રથમદર્શનીય જણાય આવે છે. કારણ કે હાલના કામના પ્રતિવાદી નં ૧ નાએ માર્ક ૨૯/૨ ની ડી.વી. એકટની અરજીમાં હાલના કામના વાદી અને સહ પ્રતિવાદીને સામાવાળા તરીકે જોડેલ છે. જેથી હાલના કામના વાદી અને સહ પ્રતિવાદી એકબીજા સાથેના મેળાપીપણામાં સદર દાવો લાવેલ હોય તેમ જણાય આવે છે. વધુમાં માર્ક ૪/૧૧ થી વાદીએ તેમના પિતા સંઘવી પ્રમોદકુમાર મણીલાલના મરણનો દાખલો રજુ રાખેલ છે જે ધ્યાને લેતાં તેમના પિતા તા.

૬/૦૯/૨૦૧૬ ના રોજ મરણ ગયેલ છે. ત્યારે હાલના કામના પ્રતિવાદી નં. ૧ અને સહ પ્રતિવાદીએ તા. ૭/૦૯/૨૦૧૬ ના રોજ લગ્ન ગ્રંથીનો કરાર કરેલ છે જેથી એ હકીકત માનવા પાત્ર રહે છે કે હાલના કામના વાદી અને સહ પ્રતિવાદી વચ્ચે મિલ્કતની વહેંચણી અંગે તકરાર થયેલ છે અને જે સબંધે પોતાના સગા પિતા મરણ ગયેલ હોવા છતાં તેના બીજા જ દિવસે એટલે કે તા. ૭/૦૯/૨૦૧૬ ના રોજ પ્રતિવાદી નં. ૧ અને સહ પ્રતિવાદી એ લગ્નનો કરાર નોંધાવવો પડેલ તેમ પ્રતિવાદી નં. ૧ ના જવાબમાં જણાવેલ હકીકત માનવા પાત્ર જણાય આવે છે.

૧૧. વધુમાં માર્ક ૨૯/૯ ધ્યાને લેતાં હાલના કામના પ્રતિવાદી નં. ૧ ધ્વારા આર.ટી.આઈ. અરજી ડીસા નગરપાલિકામાં કરવામાં આવેલ છે. જે સબંધે ડીસા નગરપાલિકાએ જવાબમાં જણાવેલ છે કે, તેમનુ પાણીનુ કનેકશન બંધ કરવા રજુઆત કરતાં પાણી કનેકશન બંધ કરવામાં આવે છે. તેમજ માર્ક ૨૯/૧૩ ધ્યાને લેતાં પ્રતિવાદી નં. ૧ નાએ ઉત્તર ગુજરાત વીજ કંપની લી. ને આર.ટી.આઈ. ની અરજી કરેલ હતી, જે સબંધે તેમનુ લાઈટ કનેકશન પણ કાપી નાખવામાં આવેલ છે જે અંગે હાલના કામના વાદીએ અરજી કરેલ હોય જેના અનુસંધાને પાણી અને વીજ કનેકશન વાદગ્રસ્ત મકાનના કાપી નાખવામાં આવેલ છે. આમ પ્રતિવાદી નં. ૧ એ તેમના જવાબમાં જણાવેલ હકીકત માનવા પાત્ર જણાય આવે છે કે વાદી અને સહ પ્રતિવાદીએ એકબીજાના મેળાપીપણામાં સદર દાવો દાખલ કરી પ્રતિવાદી નં. ૧ નાએ કરેલ ડી.વી. એકટની અરજી બીન અસરકારક થઈ જાય તેટલા માત્ર હેતુથી સદર દાવો વાદી ધ્વારા હાલના કામે દાખલ કરવામાં આવેલ છે. જેથી હાલના કામના વાદી અત્રેની અદાલત સમક્ષ ચોખ્ખા હાથે આવેલ નથી તેમ આ અદાલતનું અતી નમ્રપણે માનવુ છે. તેથી લો ઓફ ઈકવીટી અન્વયે વાદીને તેમની ભુલનો લાભ મળવા પાત્ર નથી તેમ આ અદાલતનું અતી નમ્રપણે માનવુ છે.

૧૨. વધુમાં વાદીએ આંક. ૫ થી મેન્ડેટરી મનાઈ હુકમની માંગણી કરેલ છે. જો હાલના

તબકકે વાદીની તરફેણમાં મેન્ડેટરી  મનાઈ હુકમ આપવામાં આવે તો સદર દાવાનો આખરી નિકાલ થઈ જાય તેમ છે. જેથી પણ વાદી ધ્વારા માગેલ દાદ મંજુર કરવી ન્યાયોચિત જણાય આવતી નથી.  આમ વાદગ્રસ્ત મકાનમાં હાલમાં પ્રતિવાદી નં. ૧ સુનીતાબેન મંગારામ ગ્વાલાણીનો પ્રત્યક્ષ કબજો ભોગવટો હોય તેમને બેદખલ કરવા ન્યાયોચિત જણાય આવતું નથી.  તેમજ હાલના તબકકે પુરાવો લીધા સિવાય એ હકીકત સાબિત થઈ શકે તેમ નથી કે હાલના કામના વાદીએ વાદગ્રસ્ત મિલ્કત તેમની સ્વપાર્જિત મિલ્કતમાંથી ખરીદેલ છે. કારણ કે તે અંગે વાદીએ કોઈ ફાયનાન્સ બેંકનુ સ્ટેટમેન્ટ કે આધાર પુરાવો રજુ રાખેલ નથી.  અને વાદી અને સહ પ્રતિવાદીના પિતા મરણ ગયેલ હોય તેમની મિલ્કતમાંથી તકરાર ઉપસ્થિત થયેલ હોય અને જેના કારણે વાદગ્રસ્ત મકાનમાંથી પ્રતિવાદીનો કબજો દુર કરવા માટે હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે તેમ પ્રથમદર્શનીય રીતે જણાય આવ છે.  જેથી ઉપરોકત ચર્ચાને આધીન વાદીનો મજબૂત પ્રથમદર્શનીય કેસ નથી, તેમજ વાદગ્રસ્ત મિલ્કતનો કબજો ભોગવટો હાલના કામના પ્રતિવાદી નં. ૧ પાસે હોય સગવડતા અગવડતાનું પલ્લું પણ પ્રતિવાદીની તરફેણમાં છે, તેમજ  પ્રતિવાદી નં. ૧ ને વચગાળાના મેન્ડેટરી મનાઈ હુકમથી વાદગ્રસ્ત મિલ્કતનો કબજો છોડવાનો હુકમ કરવામાં આવે તો નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન પ્રતિવાદી નં. ૧ ને  થાય તેમ હોય તેવુ આ અદાલતનું અતી નમ્રપણે માનવુ છે. જેથી ઉપરોકત ચર્ચાને આધીન મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ અંશતઃ હકારમાં આપી, મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

– વાદીની આંક. ૫ ની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

– હાલના કામના વાદી, પ્રતિવાદી તેમજ સહ પ્રતિવાદીને આદેશ કરવામાં આવે છે કે, સદર દાવાનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વાદગ્રસ્ત મિલ્કત/મકાનની   યથાવત સ્થિતિ (સ્ટેટસ્કો) જાળવી રાખવાનો હુકમ કરવામાં

આવે છે.

– સદર અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| મુકામ : ડીસા.<br>તારીખ : ૨૩/૦૮/૨૦૧૮ | **(કેયુર કિરીટભાઈ પટેલ)**<br>એડીશ્નલ સિવિલ જજ, ડીસા.<br>કોડ નં. જી.જે.૦૦૯૫૦ |